ઊંઝામાં તસ્કરો પોલીસ ચોકીની બાજુમાંથી આખેઆખું એટીએમ ઉપાડી ગયા

આશરે પંદર લાખ રૂપિયાની રોકડ સાથે મશીનની ઉઠાંતરી

ઊંઝા, તા. ૬

ગઈરાત્રે ઊંઝા ખાતે વિસનગર ચાર રસ્તા પર મૂકાયેલ ભારતીય સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એ.ટી.એમ. કેબિનમાં ઘુસીને કોઈ તસ્કરો આખા એ.ટી.એમ. મશીનની ઉઠાંતરી કરી ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે. ચોરાયેલ એ.ટી.એમ. મશીનમાં રૂપિયા ૧૪.૬૩ લાખ મોટી રકમ હોવાનું માલૂમ પડતાં પોલીસતંત્ર દોડતું થઈ ગયું છે. તસ્કરો સી.સી.ટી.વી. કેમેરા પણ તોડીને સાથે લઈ ગયો છે.

ઊંઝા ઐઠોર ચોકડી હૂડકો નજીક વિનાયક કોમ્પલેક્ષમાં છેલ્લા ત્રણેએક માસથી ભારતીય સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઊંઝા શાખા તરફથી એ.ટી.એમ. મુકવામાં આવેલ છે. આ એ.ટી.એમ.ની સુરક્ષા માટે કોઈ ચોકિયાતની વ્યવસ્થા કરાયેલ નથી. બીજુ એ.ટી.એમ.માં કેશ નાંખવાનો કોન્ટ્રાક્ટ આર.સી.આઈ. નામની કંપનીને અપાયેલ છે. એ.ટી.એમ.ની નજીકમાં પોલીસ ચોકી પણ આવેલ છે. તેમ છતાં ગઈરાત્રે ઠંડીની ઋતુમાં કોઈ તસ્કરે એ.ટી.એમ.ને નિશાન બનાવી સમગ્ર એ.ટી.એમ. મશીનને આબાદ રીતે ઉઠાવીને ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. તસ્કરોએ એ.ટી.એમ. કેબિનમાં ગોઠવાયેલ સી.સી. ટી.વી. કેમેરા તોડી નાંખ્યા હતા અને તેની પણ ચોરી કરી હતી.

બેંકના અધિકારીઓને ચોરીની ઘટનાની જાણ થતાં તેમણે એ.ટી.એમ.ના કોન્ટ્રાકટરને બોલાવવાની તજવીજ હાથ ધરી છે. એ.ટી.એમ.માં નાખેલ કેશ બાબતે ગણતરી કરતાં ચોરાયેલ એ.ટી.એમ. મશીનમાં રૂપિયા ૧૪.૬૩,૦૦૦ની કેશ હોવાની હકિકત બહાર આવી હોવાનું જાણવા મળેલ છે.

આ બનાવ અંગે સ્થાનિક પોલીસ સહિત એલ.સી.બી. અને એસ.ઓ.જી.ની ટીમે ઘટના સ્થળે આવી ડૉગસ્કવોર્ડ અને એફ.એસ.એલ.ની મદદથી તપાસ શરૂ કરી છે. તસ્કરો હોઈ વાહન લઈને આવી એ.ટી.એમ. મશીનની ચોરી કરી વાહનમાં જ નાંખીને ક્યાંક લઈ ગયા હોવાનું મનાય છે.

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી વધતી જતી ગુનાખોરીને અટકાવવામાં તેમજ નોંધાયેલ મિલ્કત વિરૂદ્ધના ગુનાઓના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગયેલ છે. આ વિસ્તારમાં લૂંટ, નાની મોટી ઘરફોડ ચોરીઓ, વાહનચોરીઓ, મંદિર ચોરીઓ, કેબલ ચોરીઓ, ઢોર ચોરીઓના ગુનાઓમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો હોઈ આવા ગુનાઓ સામાન્ય બની ગયા છે. પોલીસની નિષ્ક્રિયતાને કારણે હવે બેંકોના એ.ટી.એમ. મશીનો પણ સલામત રહ્યા નથી. પોલીસે પેટ્રોલિંગના દાવાઓ વચ્ચે વારંવાર થતી ચોરીઓના બનાવોથી લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

પાલનપુરમાં પોલીસને ખુલ્લો પડકાર ફેંકતા તસ્કરો

એલ.એમ.એલ.ના શો-રૂમમાં ચોથીવાર તસ્કરો ત્રાટકયા

સી.સી.ટી.વી ફુટેજ આપ્યા હોવા છતાં પોલીસ તસ્કરોનું પગેરૂ શોધવામાં નાકામ

પાલનપુર, તા. ૬

સરહદી બનાસકાંઠા જીલ્લામાં અવનવા અખતરા અને નવતર અભિગમના નામે નુસખાઓ અપનાવી કાઈમના વધતા જતા ગ્રાફ વચ્ચે સબ સલામત હે ની ગુલબાંગો પોકારતી બનાસકાંઠા પોલીસના રાજમાં પાલનપુરમાં એક શો-રૂમમાં સતત ચોથીવાર ચોરી થતા ચકચાર મચી જવા પામી છે. વળી, સી.સી.ટી.વી ફુટેજ હાથ લાગ્યા હોવા છતાં પોલીસ હવામાં બાચકાં ભરી રહી છે. અને તસ્કરો સતત ચોથીવાર એજ શો-રૂમને નિશાન બનાવી બિન્દાસપણે ચોરી કરી પોલીસને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર શહેરના ઢુંઢીયાવાડી જી.આઈ.ડી.સી ખાતે કનુભાઈ નરસિંહભાઈ પટેલનો એલ.એમ.એલ.નો શો-રૂમ આવેલો છે. જે શો-રૂમ અગાઉની જેમ ગતરોજ પણ તસ્કરો શો-રૂમના પતરાં તોડી અંદર પ્રવેશ કરી રૂ. ૨૫ હજારની કિંમતના કોમ્પ્યુટરસેટની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. અગાઉ પણ કોમ્પ્યુટર્સની જ ચોરી થવા પામી છે. ત્યારે આ કોમ્પ્યુટરપ્રેમી તસ્કરોના સી.સી.ટી.વી. ફુટેજ પોલીસને ઉપલબ્ધ કરાવ્યા હોવા છતાં આજદિન સુધી પોલીસ ચોરનું પગેરૂ શોધવામાં નાકામ રહી હોવાનું કોંગ્રેસના મહામંત્રી દેવીલાલ જાંગીડે જણાવ્યું હતું. તેઓના જણાવ્યા મુજબ ગુજરાતમાં સબ સલામત હે ની આલબેલ પોકારતી મોદી સરકારના રાજમાં એક જ જગ્યાએ વારંવાર થતી ચોરીનો ભેદ પણ પોલીસ ઉકેલી શકતી નથી. જેને પગલે લોકોમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે.

ડીસામાં મુંગા જીવોને મદદ કરનાર બહુમુખી પ્રતિભા ધરાવતા 'નારી'નું અવસાન

ડીસા, તા. ૬

ડીસા શહેરમાં વહેલી પરોઢના પોતાની તૂટેલી-ફૂટેલી સાયકલ ઉપર નીકળીને, એક આમ આદમી જેની સાયકલ ઉપર ધીમા સ્વરે રેડીયોમાં ગીત વાગતા હોય અને સાયકલની પાછળ પાછળ ૨૦થી ૨૫ શ્વાન ચાલતા હોય

તેવું દૃશ્ય ડીસા માટે નવું નથી. આ સાયકલ સવાર બીજું કોઈ નહીં પરંતુ ડીસા શહેરના ઘરડાથી લઈ યુવાન સુધીના અને નાના બાળકોના પ્રિય એવાં 'નારી'ના હુલામણા નામથી ઓળખાતા શ્રી નારાયણભાઈ હોતચંદ રંગાણી હતા કે જે છેલ્લા કેટલાય વર્ષોથી પોતાના બહુરૂપી વેશને કારણે મળતી બક્ષિસમાંથી વહેલી સવારે શહેરના ખુણા ખુણામાં સુતેલા શ્વાનોને જગાડી રોટલો ખવડાવી પોતાના હૃદયને સંતોષ આપે છે. જો કે હવે તેઓ કેન્સરના દર્દથી કરૂણતાએ મોતને ભેટતા સમગ્ર ડીસા શહેરમાં શોકની લાગણી છવાઈ છે.

કહેવાય છે કે ડીસા શહેરમાં કોઈ પણ શોભાયાત્રા હોય કે રથયાત્રા, કોઈપણ સામાજીક સંસ્થાએ લોક ઉપયોગી રેલી કાઢી હોય કે પ્રદર્શન ગોઠવ્યું હોય જેમાં 'નારી' એટલે કે શ્રી નારાયણભાઈ અલગ અલગ વેશમાં હાજર જ હોય. તેમજ ખાસ કરીને કોઈ શૈક્ષણિક સંસ્થાએ પોતાના વિદ્યાર્થીઓ માટે કોઈ કાર્યક્રમ તૈયાર કર્યો હોય તો તેમાં પણ 'નારી' બાળકોના આનંદ પ્રમોદ માટે હરહંમેશ તૈયાર રહેતા હતા. તેમજ છેલ્લા ૩૦ વર્ષથી વધારે સમયથી ડીસા શહેરની એક પણ વહેલી સવાર એવી નહીં હોય કે નારીએ સુતેલા શ્વાનને જગાડીને રોટલો ના ખવડાવ્યો હોય. તેથી જ તેની સાચા અર્થની સમાજ સેવાની કદર ડીસાની લાયન્સ, રોટરી કલબ, સુભાષ સમિતિ જેવી સંસ્થાઓએ જાહેરમાં સન્માન કરેલ ત્યારે આદર્શ સંસ્કાર મંડળે સદભાવી એવા નારીને ઘરગુજરાની ચાલી શકે તે માટે ભાડા વગર આદર્શ શાળાના પ્રાંગણમાં કેન્ટીન બનાવીને આપ્યું હતું. વહેલી સવારે શ્વાનને રોટલો ખવડાવવો, ગાયોને પુળા નાખવા અને કબુતરોને દાણા નાખવા જેવી પ્રવૃત્તિ કરતા ઉમિયાનગર સોસાયટીના નારી ઉર્ફે નારાયણભાઈ રંગાણીને તેમની

પ્રવૃત્તિઓ વિશે અગાઉ લોકોએ પુછતા તેઓએ જણાવ્યું હતું કે ઘણા વખત પહેલા જોયેલી ફિલ્મો પૈકીની અપના દેશ અને ગાય ઔર ગૌરી ફિલ્મોએ તેને આવી પ્રવૃત્તિઓ કરવાની પ્રેરણા આપી હતી. 'નારી' પોતે ફક્ત છ ચોપડી ભણેલા હતા.

હનુમાન, રામ, કૃષ્ણ, નગરશેઠના આબેહૂબ પાત્ર ભજવતા 'નારી'નું નામ ડીસા શહેરમાં ખૂબ જાણીતું છે. એટલે જ તો શહેરની સેવાભાવી સંસ્થાઓ, અગ્રણીઓ, સૌ કોઈ 'નારી'ના સત્કાર્યોથી પ્રભાવિત છે. જો કે તેઓને પોતાની પ્રશંસાની વાતોમાં બિલકુલ રસ નહોતો એ તો ફક્ત સવાર પડે અને પોતાની પ્રવૃત્તિઓ શરૂ કરી દે છે અને મુડમાં આવે ત્યારે ગમે તે શાળામાં પહોંચી જાય છે બાળકોને ચોકલેટ આપવા. તેઓની પાસે પૈસા નથી, પરંતુ સારા કાર્ય કરનારને પૈસાની જરૂર ક્યાં પડે છે ? સત્કાર્યો કરવા બહાર નીકળો એટલે આપોઆપ બધું જ મળે છે એ આ અદના આદમીએ સાબિત કરી બતાવ્યું હતું.

હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલમાં ચિત્ર અને મહેંદી સ્પર્ધા યોજાઈ

હિંમતનગર, તા.૬

હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલમાં તા. ૩જી જાન્યુઆરીએ જિલ્લા કક્ષાની ચિત્ર સ્પર્ધા અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં સાબરકાંઠા જિલ્લાના તાલુકા કક્ષાએ વિજેતા બનેલા ત્રણ-ત્રણ વિદ્યાર્થીઓએ દરેક તાલુકામાંથી ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં એમ.એમ.આઈ. ટ્રસ્ટના મંત્રી અલ્તાફ હુસેન સાબુગરે પ્રેરક હાજરી આપી હતી અને વિદ્યાર્થીઓના સુંદર પ્રયાસને બિરદાવ્યા હતાં.

તલોદનો પરણિત યુવાન એક માસથી લાપત્તા : પરિવાર ચિંતામાં

તલોદ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતેની ચંદ્રપ્રભુ સોસાયટીમાં રહેતા હરસોલા વણિક સમાજ પરિવારનો ૩૬ વર્ષની વયનો એક પરણેતર યુવાન છેલ્લા એક માસથી કોઈ અગમ્ય કારણોસર ગુમ થયો હોવાથી તેના પરિવારજનો વ્યથિત બન્યા છે. યુવાનના ગુમ થયા સંદર્ભની જાણવાજોગ પોલીસ ફરિયાદ પણ તલોદ પોલીસ દફતરે યુવાનના પિતાએ નોંધાવેલ છે. જો કે તેમ છતાં આજ દિન સુધી યુવાનનો કોઈ અતોપત્તો કે સગડ ન મળતાં પરિવાર અને સ્વજનો અનેક તર્ક વિતર્કો કરી રહ્યા છે.

તલોદ ખાતે આવેલ ચંદ્રપ્રભુ સોસાયટીમાં રહેતા સુરેશભાઈ નાથાલાલ શાહનો યુવાન દિકરો મયંક ગત તા. ૫-૧૨-૧૩ના રોજ પીવીસી પાઈપના સેમ્પલ લઈને તલોદથી અમદાવાદ થઈ ભરૂચ જવા નીકળ્યો હતો. જેને ભરૂચથી બપોરે ફોન કરી ભરૂચ પહોંચવાની અને ત્યાં રાત્રી રોકાણ કરવાની વાત કરી હતી. જ્યાંથી તે ધંધાકીય કામ પતાવી અંકલેશ્વર, આણંદ, વાસદ, મહેમદાવાદ અને સરખેજ-અમદાવાદ થઈ પરત આવનાર હતો. છેલ્લે તા. ૧૨-૧૨-૧૩ના રોજ તેણે સાંજે ૭ વાગે તલોદ પોતાના મોબાઈલથી ફોન કર્યો હતો. ત્યાર બાદથી આજ દિન સુધી તેનો મોબાઈલ 'સ્વીચ ઓફ' રહેતાં સહજભાવે સંશયનાં વાદળો પેદા થયા છે. કદાચ ફોન બંધ હશે તેમ માની તેની રાહ જોઈ અહિં તહિં તપાસ કરી ન છૂટકે તેના પિતાએ તલોદ પોલીસનો સંપર્ક કરી દિકરાનો પત્તો મેળવવા રાવ નાખી છે. જેને આજ દિન સુધી કોઈ જ યોગ્ય પ્રતિભાવ સાંપડ્યો નથી.

કથિત ગુમ થયેલ યુવાન અમદાવાદની રીના શાહ નામની યુવતી સાથે આઠેક વર્ષ પહેલાં લગ્નગ્રંથીથી જોટડાયો હતો. મયંક-રીનાના સંસારરથની ગાડી કોઈ જ આંતરિક કારણોસર પારા પરથી ઉતરી જતાં રીનાએ મયંકને છૂટેછેડા આપવાનો નિર્ધાર કરેલો. જે માટે મયંકની પરણેતર રીના શાહે અદાલતનો પણ આશરો લીધો છે. જેના કેસની મુદતો પણ નામદાર કોર્ટમાં પડી રહી છે. તેણીએ પતિ મયંક સામે છૂટાછેડા અને ભરણપોષણનો પણ દાવો કર્યો હોવાનું જાણવા મળેલ છે.

ગત તા. ૧૧-૧૨-૧૩ના રોજ તેના એક કેસની મુદત હતી. બાદ બીજે દિવસથી મયંકનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ રહેતા તેના પરિવારજનો ચિંતાતુર બન્યા છે અને યુવાન દિકરાની શોધખોળ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. તલોદની એક જાણીતી (રજવાડી) કાપડની વેપારી પેઢીમાં ફરજ બજાવતા સુરેશભાઈ શાહના ત્રણ દિકરા પૈકીનો આ ગુમ થયેલ દિકરો મયંક વચોટ દિકરો છે. દિકરાની ભાળ મળે તે માટે તેના માવતર ચાતક આંખે મીટ માંડીને બેઠા છે.

ધાનેરાની પુજા હોસ્પિટલમાં ડૉ. લાખાની બેદરકારીથી મહીલાનું મોત થયું હોવાનો પરિવારજનોનો આક્ષેપ

પરિવારજનોને પુછ્યા વગર ગર્ભાશયનું ઓપરેશન કરતા મહિલાનું મોત નિપજ્યું હોવાનું પતિનો દાવો

ધાનેરા, તા. ૬

ધાનેરામાં આવેલી કિરણરાજ હોસ્પિટલમાં ડૉક્ટર કિરણ ખંડેલવાલની બેદરકારીથી મહિલાનું મોત નિપજ્યું હતું. હજુ તે વાતની તો શાહી પણ સુકાઈ નથી તેવી જ એક બીજી ઘટના ધાનેરામાં આવેલી પુજા હોસ્પિટલના ડૉ. લાખા પ્રજાપતિની ગંભીર બેદરકારીના લીધે પ્રસુતી દરમ્યાન મહિલાનું મોત થતા મહિલાના પરિવારજનોમાં શોકનુ મોજુ ફરી વળ્યું છે. અને તાજુ જન્મેલુ બાળક તેમજ અન્ય નાના-નાના બે બાળક માતા વિહોણા બન્યા હતા.

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરા તાલુકાના અનાપુર ગામે રહેતા મહેન્દ્રભાઈ જોધીની પત્ની લતાબેને પ્રસુતિની પીડા ઉપડતા તેમને ધાનેરાની પુજા હોસ્પિટલમાં તા. ૩-૧-૨૦૧૪ના સવારે લવાયા હતા. જ્યારે રાત્રિના સમયે પ્રસુતીના સમયમાં ડૉક્ટર હાજર ન હોવાથી નર્સ દ્વારા ડીલીવરી કરાવવામાં આવી. મહિલાનું વધારે પડતુ બ્લડીંગ ચાલુ થવાથી ડૉક્ટરને વારંવાર બોલાવવામાં આવ્યા પણ ડૉક્ટર સતત બે કલાક સુધી આવ્યા જ નહિ. પરિવારજનોનો આક્ષેપ છે કે ડૉક્ટર બે કલાક બાદ આવી અમને પુછ્યા વગર ગર્ભાશયની કોથળીનું ઓપરેશન કર્યું તેમ છતાં મહિલાની હાલત બગડતા ડૉ. લાખા પ્રજાપતિએ એમ્બ્યુલન્સ અને મહિલાના પરિવારને પૈસાની લાલચ આપી ધાનેરાથી ડીસા રિફર કરી અને ડીસાથી મહેસાણા રિફર કરતા લતાબેનનું મોત નિપજ્યું હતુ. અને તાજુ જન્મેલ બાળક તેમજ અન્ય નાના-નાના બે બાળકો માથે મા નું છત્ર છાયા છીનવાઈ ગયું હતું.

મૃતકના પતિ મહેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે ડૉક્ટરે તાત્કાલિક લોહી માગવાથી મે એક બોટલ લોહી મે બ્લડ બેંકમાં આપ્યું હતું. વધારે લોહીની જરૂર હોવાથી એક બોટલ લોહી પુજા હોસ્પિટલમાં મારી પાસેથી લેવામાં આવ્યુ જેનાથી હુ બેભાન થઈ ગયો.

વડાલીમાં મેઘ ધનુષી મહોત્સવ યોજાશે

લક્ષ્મીપુરા ગામની આજુબાજુના તમામ કંપાઓને સાંકળતો વડાલી, ખેડબ્રહ્મા, ઈડર અને વિજયનગર વિભાગના કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા આગામી તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૧૩ના રોડ વડાલી વિદ્યા સંકુલ ખાતે મેઘધનુષી મહોત્સવ યોજાશે. જેમાં સંત સામૈયા, શોભાયાત્રા, ઉદઘાટન સમારોહ સંવાદ, સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમ તથા દાન દાતા સન્માન સમારંભ યોજાશે. ઉપરાંત સ્મૃતિ વિશેષાંક વિમોચન સમાજ દર્પણ સીડી લોન્ચિંગ તકિત અનાવરણ વિધિ પણ યોજાશે. સૌ નગરજનોને આ કાર્યક્રમમાં પધારવા આયોજકોએ જણાવ્યું છે.

કલોલકંપા પાસે યુજીવીસીએલની જીપ પલ્ટી ખાતા એન્જીનીયરનું મોત

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્મા તાલુકાના કલોલ કંપા પાસે યુજીવીસીએલ દ્વારા કોન્ટ્રેક્ટમાં લીધેલ જીપને અકસ્માત નડતાં એન્જીનીયરનું મોત નીપજવા તથા એક ઈસમને ઈજાઓ થવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવા પામી છે.

ખેડબ્રહ્મા યુજીવીસીએલ દ્વારા જીપ નંબર જીજે-૧૮-એવી-૩૪૮૪ ને કોન્ટ્રાક્ટમાં લીધેલ હતી. આ જીપને રવિવારે સાંજ સાત વાગ્યાના સુમારે કલોલ કંપા પાસે અકસ્માત નડ્યો હતો. યુજીવીસીએલના એન્જીનીયર ચેતનભાઈ વિનોદભાઈ બલેવીયા (વાઘેશ્વરી તા. ભિલોડા તથા મણીભાઈ દેવજીભાઈ ડામોર ઉં.વ. ૫૪ રે. ભાંભુડી તા. વિજયનગર રવિવારે સાંજ સાત વાગે જીપમાં બેસી ખેડબ્રહ્મા આવતા હતા. દરમિયાન કલોલ કંપા પાસે જીપ ડ્રાઈવ કરી રહેલા ચેતનભાઈ બલેવીયાએ જીપ પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારતા જીપ રોડ સાઈડમાં ખેચાઈ જઈ બાજુની ખાઈમાં પલટી ખાઈ ગઈ હતી. જેમાં ચેતનભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે મણીભાઈ ડામોરને ઈજાઓ પહોંચતા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી હિંમતનગર ખસેડવામાં આવ્યા હતા. આ અંગે મણીભાઈ દેવજીભાઈ ડામોરે જીપના ડ્રાઈવર એન્જીનીયર ચેતનભાઈ બળેવીયા વિરૂદ્ધ સોમવારે સવારે ફરીયાદ નોંધાવતા ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ચલાવી રહી છે.

ઊંઝામાં પરમીટ ફી રદ થયેલા ગલ્લા કેબિનો હટાવાની કામગીરી આરંભાઈ

ઊંઝા, તા. ૬

ઊંઝા શહેરમાં અંદાજે ૪૫ વર્ષથી શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના વ્યવસાયકારોના લગભગ ૨૦૯ જેટલા ગલ્લા-કેબિનો આવેલા છે જેપૈકી ૪૨ કેબિનધારકોની પરમીટ ફી રદ થતા તેઓના વિજળી જોડાણઓ કાપી નાખી આ કેબિનો હટાવવાની નગરપાલિકાએ કામગીરી આરંભી હતી. આજે દિવસભરની કામગીરીમાં લગભગ ૧૫ જેટલા કેબિનો હટાવાયા હતા.

કુલ ૪૩ કેબિનધારકોપૈકી માત્ર એક કેબિન ધારકે દેવેન્દ્ર નાયીએ નામદાર વડી અદાલતનો આશરો લેતા હાલ તેની પરિસ્થિતિ યથાવત રાખવા હૂકમ મેળવ્યો હતો જેથી તે સિવાયના બાકીના કેબિનો હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. કેબિન ધારકો સમયસર પરમીટ ફી ભરવામાં મોડા પડતા પાલિકા દ્વારા નોટીસો આપવામાં આવી હતી.

નગરપાલિકાની આ કામગીરી માટે ભેદભાવભરી નીતિ રીતિ હોવાનું કેબિનધારકોમાં રોષપૂર્ણ રીતે ચર્ચાઈ રહ્યું છે. પાલિકા સભ્ય અરવિંદ પટેલે વૈકલ્પિક વ્યવસ્થા વગર કેબિનો હટાવવા વર્તમાન બોર્ડના સ્થાયી ચેરમેને મનસ્વી રીતે વટહૂકમ બહાર પાડી નાના ધંધાર્થીઓની આજીવિકા છીનવી લેવાનો આક્ષેપ કર્યો હતો તેમજ કેબિનધારકોના હક્કમાં આંદોલનનો રાહ અપનાવવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

તલોદ કોલેજનું ગૌરવ

તલોદ, તા. ૬

આગામી ૨૬મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે યોજાનાર પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની ઉજવણીના સમારોહમાં તલોદની એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ. એમ. કોમર્સ કોલેજના ૨ વિદ્યાર્થીઓની અનુક્રમે વકતૃત્વ સ્પર્ધામાં અને નિબંધ સ્પર્ધામાં પસંદગી થવા પામેલ છે. આ બે વિદ્યાર્થીઓમાં આર્ટસ કોલેજના વિદ્યાર્થી જય શંકરભાઈ પ્રજાપતિ (પલ્લુ) તથા સેજલબહેન અરવિંદભાઈ ઉપાધ્યાયનો સમાવેશ થાય છે.

તલોદ તાલુકા કેળવણી નિરીક્ષક અને તાલુકા કક્ષાની સ્પર્ધાઓના કન્વીનર કિરીટભાઈ પટેલે એક મુલાકાતમાં કહ્યું હતું કે પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની ઉજવણી કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં જય પ્રજાપતિ (મહિયલ) તાલુકામાં પ્રથમ ક્રમે આવેલ છે. તે જ રીતે નિબંધ સ્પર્ધામાં સેજલ ઉપાધ્યાય (ઉદરડા) પ્રથમ નંબરે આવેલ છે જે બંને વિદ્યાર્થી સ્પર્ધકો આગામી ૨૬મી જાન્યુઆરીના દિવસે પ્રજાસત્તાક દિનની ઉજવણીના શાનદાર સમારોહમાં ભાગ લેશે અને પોતાની કલા કૈશલ્યતા રજૂ કરશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન